યુનિવર્સિટી-બિનસરકારી કોલેજોના અધ્યાપકો
ને નિવૃત્તિ સમયે જમા રજાનું રોકડમાં
રૂપાંતર કરવા દેવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એનજીસી-૧૧૮૮-૨૦૭૮૭:પ્રફા૮૯:-ખ
સચિવાલય,ગાંધીનગર
તા.૨૭-૧-૧૯૯૩

વંચાણે લીધા :-

૧: શિક્ષણ વિભાગના તા.૧-૫-૮૯ના ઠરાવ ક્રમાંક:એનજીસી-૧૧૮૮-૨૦૭૮૭-ખ

૨: નાણાં વિભાગના તા.૨૬-૩-૯૧ના ઠરાવ ક્રમાંક:એલવીઇ-૧૦૯૦-:ડી.૩૦: ૫

૩: નાણાં વિભાગના તા.૧૬-૫-૯૧ના ઠરાવ ક્રમાંક:એલવીઇ-૧૦૯૧-શુઆ-૧૮૪-૫

ઠરાવ :-

(૧) આમુખમાં દર્શાવેલ નાણાં વિભાગના તા.૧૬-૫-૯૧ના ઠરાવ અન્વયે રાજ્ય સરકારી કોલેજોના અધ્યાપકોને તથા આચાર્યોને નિવૃત્તિ વખતે જમા રજા પ્રાપ્ત રજા- અર્ધપગારી રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાના હુકમો કરવામાં આવેલ છે.

૨. ગુજરાતની બિનસરકારી કોલેજોના અધ્યાપક મહામંડળે ઉકત હુકમોનો લાભ યુનિવર્સિટી તથા બિન સરકારી કોલેજોના શૈક્ષણિક સ્ટાફને પણ આપવા રજુઆત કરી છે. સદર રજુઆતની વિચારણા કરીને રાજ્ય સરકારે ઉકત ઠરાવનો લાભ યુનિવર્સિટી-બિન સરકારી કોલેજોના શૈક્ષણિક :આચાર્ય અને પ્રોફેસર સહિત: સ્ટાફને નીચેની વિગતે તથા ફેરફાર આપવાનું ઠરાવ્યું છે:-

૧: નિવૃત્તિ વયે પહોંચવાના કારણસર નિવૃત્ત થયેલ વ્યકિતના કિસ્સામાં.

૨: વય નિવૃત્તિ બાદ જાહેર હિતમાં પુન:નિયુકિત વ્યકિતને તેમની પુન: નિયુકિતની મુદત પુરી થયા બાદ,

૩: સ્વૈચ્છિક નિવૃત્તિ- અપરિપકવ નિવૃત્તિના સમયે,

૪: નિમણૂંકની શરતો અનુસાર નોટિસ આપીને સેવાનો અંત લાવવામાં આવે તે કિસ્સામાં,

૫: વય નિવૃત્તિ બાદ પુન:નિયુકિતથી નીમવામાં આવેલ વ્યકિતની સેવા ...

..૨..

3-4-93

અંત લાવવામાં આવે ત્યારે,

૬. ચાલુ નોકરી દરમ્યાન અવસાન પામનાર વ્યકિતના વારસદારોને,

૭. અશકતતાના પેન્શન ઉપર નિવૃત્ત થનાર વ્યકિતો.

ઉપર જણાવેલ કિસ્સાઓમાં તેમાં જણાવ્યા પ્રમાણેના ઘટના સમયે વ્યકિતના ખાતે જમા રહેલા બધા પ્રાપ્ત રજા તથા જમા રહેલા અર્ધ-પગારી રજાના અડધા ભાગની રજા એમ બંને મળી કુલ ૨૪૦ (બસો ચાલીસ) દિવસના મર્યાદામાં રજાનું રોકડમાં રૂપાંતર કરવા દેવાનું આથી ઠરાવવામાં આવે છે.

૩. બદલી/બઢતીના કે અન્ય કારણસર વેકેશન ડીપાર્ટમેન્ટમાંથી નોન વેકેશન ડીપાર્ટમેન્ટમાં નિયુકિત મેળવનાર, વ્યકિતના તેઓ વેકેશન ડીપાર્ટમેન્ટમાં હોય તે સમયના જમા અર્ધ પગાર રજાનું અર્ધા ભાગની રજા તથા બધી પ્રાપ્ત રજાનું ૨૪૦ (બસો ચાલીસ) દિવસની મર્યાદામાં ઉપર જણાવેલ કિસ્સાઓમાં રોકડમાં રૂપાંતર કરી શકશે. ટુંકમાં નોન વેકેશન ડીપાર્ટમેન્ટમાં રહ્યાને જે અર્ધપગાર રજા જમા થઈ હોય તે રજાનું રોકડમાં રૂપાંતર કરી શકાશે નહીં.

દષ્ટાંત:-

| | |
|---|---|
| વેકેશનમાં જમા અર્ધ પગાર રજા | ૬૦ |
| નોન વેકેશનમાં જમા અર્ધપગાર રજા | ૩૦ |
| કુલ: | ૯૦ |

અર્ધ પગાર રજાના રોકડમાં રૂપાંતરનો મળવાપાત્ર મહત્તમ લાભ ૬૦ દિવસ.

૪. રાજીનામું આપનાર વ્યકિતના કિસ્સામાં રાજીનામું આપવાના સમયે તેમના ખાતે જમા પ્રાપ્ત રજા તથા અર્ધપગાર રજાના અર્ધા ભાગની રજાઓ ભેગી કર્યા બાદ તેના પચાસ ટકા રજાનું વધુમાં વધુ ૧૨૦ દિવસના મર્યાદામાં રોકડમાં રૂપાંતર કરવા દેવામાં આવશે.

૫. યુનિવર્સિટી/બિન સરકારી કોલેજના બિન-શૈક્ષણિક કર્મચારીઓને તેમના ખાતે જમા અર્ધપગાર રજાના રોકડમાં રૂપાંતરનો લાભ મળવાપાત્ર થશે નહીં.

...૩.

પરંતુ તેઓ તેમના ખાતે જમા પ્રાપ્ત રજા પુરતો રોકડમાં રૂપાંતરનો લાભ મેળવી શકશે.

૪. આ હુકમો વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગના તારીખ ૨૫-૧-૯૭ના રોજ મળેલ અનુમતિ બાદ રવાના કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રેખા જોષી )
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્ર દ્વારા)
મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
શિક્ષણમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય. ગાંધીનગર
રાજ્યકક્ષાના શિક્ષણના અંગત સચિવશ્રી, સચિવાલય ગાંધીનગર
ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
કુલસચિવશ્રી, સર્વે યુનિવર્સિટીઓ.
એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ.
સિલેકટ ફાઇલ.
મદદનીશ સિલેકટ ફાઇલ.